
# મારું હૃદય

વર્ષ-૭, અંક-૭૮, ૧૫ જૂન, ૨૦૧૬

CIMS®

Care Institute of Medical Sciences



Price ₹ 5/-

**કાર્ડિયોલોજીસ્ટ**

ડૉ. સત્ય ગુપ્તા +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦
ડૉ. વિનીત સાંખલા +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬
ડૉ. વિપુલ કપૂર +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮
ડૉ. તેજસ વી. પટેલ +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦
ડૉ. ગુણવંત પટેલ +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬
ડૉ. કેયૂર પરીખ +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ડૉ. ઉર્મિલ શાહ +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯
ડૉ. હેમાંગ બક્ષી +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧
ડૉ. અનિશ ચંદ્રારાણા +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨
ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬

**કાર્ડિયાક સર્જન**

ડૉ. ધવલ નાયક +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩
ડૉ. મનન દેસાઈ +૯૧-૯૬૩૮૫ ૯૬૬૬૯
ડૉ. ધીરેન શાહ +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩

**પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન**

ડૉ. શૌનક શાહ +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨

**કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન**

ડૉ. પ્રણવ મોદી +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦

**કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ**

ડૉ. હિરેન ધોળકિયા +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮
ડૉ. ચિંતન શેઠ +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪
ડૉ. નિરેન ભાવસાર +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭

**પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ**

ડૉ. કશ્યપ શેઠ +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
ડૉ. દિવ્યેશ સાદડીવાળા +૯૧-૮૨૩૮૩ ૩૯૯૮૦
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

**નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ**

ડૉ. અમિત ચિતલીયા +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦
ડૉ. સ્નેહલ પટેલ +૯૧-૯૯૯૮૧૪૯૭૯૪

**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ**

ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. વિનીત સાંખલા +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬

## સી.પી.આર.

### સીપીઆર શું છે ? (કાર્ડિયો પ્લ્મોનરી રીસસીટેશન)

સીપીઆર એ "એકાએક હૃદય બંધ પડી જવાની ઘટના" દરમિયાન વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સારવાર છે. ડૉક્ટર, નર્સ અથવા પેરામેડિકલ વ્યક્તિ અને જો, યોગ્ય તાલીમ લીધેલી હોય તો કોઇપણ સામાન્ય વ્યક્તિ આ સારવાર આપી શકે છે. આ સારવાર આપવાથી ગંભીર વ્યક્તિને, આગળની સારવાર માટે કોઇ યોગ્ય હોસ્પિટલ સુધી પહોંચાડી શકાય છે. સીપીઆર કરવાથી વ્યક્તિના ત્યાં સુધી જીવીત રહેવાની શક્યતા ખૂબ વધી જાય છે.

### સીપીઆરનું મહત્ત્વ :

સીપીઆર (કાર્ડિયાક મસાજ) આપવાથી હૃદય બંધ પડી ગયેલી વ્યક્તિના શરીરમાં લોહીનું પરિભ્રમણ ચાલુ રાખી શકાય છે. આમ થવાથી શરીરના મહત્ત્વના અંગો જેવા કે, મગજ, કીડની, લીવર, હૃદય વગેરેને લોહી મળતું રહે છે. આવી વ્યક્તિને જો તાત્કાલિક હૉસ્પિટલ પહોંચાડવામાં આવે તો, તેમની જિંદગી બચવાની શક્યતા ખૂબ વધી જાય છે.

### સીપીઆર – સામાન્ય વ્યક્તિએ શીખવું જરૂરી છે :

હાર્ટ-એટેક, સ્ટ્રોક વગેરે જેવી ગંભીર બીમારી કોઇને પણ, ક્યારે પણ થઇ શકે છે. આવા ઘણાં દર્દીઓમાં હૃદય એકાએક બંધ પડી જાય છે. તબીબી મદદ/ઍમ્બ્યુલન્સ મળે ત્યાં સુધી દર્દીને કાર્ડિયાક મસાજ આપવો જરૂરી છે. જો કોઇ વ્યક્તિ આ સારવાર પધ્ધતિ શીખી હોય તો પોતાના પરિવાર/સમાજ/પડોશમાં કોઇને પણ મદદરૂપ થઇ શકે છે.

### સીપીઆરની સારવાર કેવી રીતે આપવી :

દર્દીને સપાટ અને નક્કર જગ્યા પર સૂવડાવો.

નીચે જણાવેલી બચાવની શ્રેણીમાં જાણ કરો.

જ્યારે તમે એકલા હો અને અચાનક કોઇ વ્યક્તિને જમીન પર પડેલી જુઓ, તો સૌથી પહેલાં એ



| ફોન કરો ઇમજન્સી સારવાર માટે | સીપીઆર | વહેલી તકે જાણકારી આપો | આધુનિક સારવાર માટે મોકલો | હૉસ્પિટલમાં આપવામાં આવતી તબીબી સારવાર |
|---|---|---|---|---|

ચકાસી લો કે શું એને ખરેખર સીપીઆરની જરૂર છે :

૧. તેના શ્વાસ ચાલે છે?


૨. તમને તેનામાં કંઇ હલનચલન થતું જણાય છે?

તમને એવું લાગે કે એ વ્યક્તિ જીવિત હોવાનાં લક્ષણો જણાતાં નથી, તો તરત જ સીપીઆર આપવાનો સમય છે:

શ્વાસની ચકાસણી કરો

**જો વ્યક્તિમાં જીવિત હોવાનાં કોઇ લક્ષણો જોવા ન મળે તો તરત જ**

**છાતી પર દબાણ આપવાનું શરૂ કરી દો**





## છાતી પર દબાણ કઇ રીતે આપવું?

- વ્યક્તિની છાતીના વચ્ચોવચ તમારા બંને હાથ મૂકો. તમારા એક હાથ પર બીજો હાથ રાખો.
- હવે છાતી પર મિનિટમાં ૧૦૦ વાર દબાણ આવે એ રીતે જોરથી દબાવો અને દરેક વાર દબાણ આપ્યા પછી દર્દીને થોડી રાહત થાય એ ધ્યાન આપો. દરેક દબાણ વખતે છાતી ૪-૫ સેમી દબાવવી જોઇએ.
- ક્યારેય મોં દ્વારા શ્વાસોચ્છ્વાસ આપવાનો પ્રયત્ન ન કરો અને છાતી પર દબાણ આપવાનું ચાલુ રાખો.




**દર્દીની પ્રતિક્રિયા માટે તપાસ કરો**

જુઓ, હૃદયના ધબકારા સાંભળો, સામાન્ય શ્વાસોચ્છ્વાસ ચાલુ થવા દો અને જીવે છે તેની ખાતરી કરો.




દરેક ડૉક્ટરને તેમની સાથે દવાખાનામાં એઇડી લઇ જવાની સલાહ આપવામાં આવે છે

એઇડી – એવું મશીન છે જેના દ્વારા વ્યક્તિના હૃદયના ધબકારાની ગતિનો ખ્યાલ આવે છે અને તે આપોઆપ શોક આપે છે

જો ઓટોમોટેડ એક્સ્ટર્નલ ડેફિબ્રિલેટર (એઇડી) ઉપલબ્ધ હોય તો તેનો તરત જ ઉપયોગ કરો...

નવી માર્ગદર્શિકા પ્રમાણે મોં દ્વારા શ્વાસોચ્છ્‌વાસ આપવા જરૂરી નથી. જો તમે તાલીમ લીધેલી ન હોય અથવા અનુકૂળ ન લાગતું હોય તો માત્ર છાતી પર દબાણ આપવાનું સતત ચાલુ રાખો.

જો દર્દી બચી જાય, તો પછી તેને આરામદાયક સ્થિતિમાં સૂવડાવી દો.



**હાઈમલીક પ્રક્રિયા (Heimlich Manoeuvre)**

ખાતા ખાતા કોઈકવાર શ્વાસનળીમાં ખાવાનું / પદાર્થ જો ભરાય તો હાઈમલીક મનૂવર / પ્રક્રિયા કરવી પડે.





૧. દર્દીને આગળની તરફ સહેજ નમાવી તેની પાછળ તમે ઊભા રહો.



૨. એક હાથની મુઠ્ઠી વાળી સહેજ મુક્કો મારો.



૩. તમારા બંને હાથ દર્દીની ગોળ ફરતે વિંટાળી, તેની પાંસળીઓની નીચે અને પેટના ઉપરના ભાગે રાખી મુઠ્ઠી વાળીને જકડી રાખો.




૪. અંદરની તરફ અને ઉપરની તરફ ઝડપથી હલનચલન શરૂ કરો.

## કૉમ્પ્યૂટેડ ટોમોગ્રાફી (સીટી) કોરોનરી કેલ્શિયમ સ્કોરિંગ

### સીટી કેલ્શિયમ સ્કોરિંગ શું છે?

કૉમ્પ્યૂટેડ ટોમોગ્રાફી (સીટી) કોરોનરી કેલ્શિયમ સ્કોરિંગનો ઉપયોગ, કોઈ દર્દીને એથેરોસ્કેરોસીસ અથવા "આર્ટરી સખત થઈ જવી" તરીકે પણ ઓળખાતો કોરોનરી આર્ટરી ડિસીઝ (સીએડી) છે કે કેમ તે જાણવા માટે થાય છે. જ્યારે હૃદયને ઑક્સિજન (પ્રાણવાયુ) અને લોહી પહોંચાડતી નળીઓની દીવાલો જાડી થઈ જાય અને તેમાંથી વહેલા લોહીના પ્રવાહનો માર્ગ સાંકડો બનાવે ત્યારે તે કોરોનરી આર્ટરી ડિસીઝમાં પરીણમે છે. છારી બાજી જવાને કારણે (પ્લેક બિલ્ડ) નળીઓ સાંકળી અને સખત બને છે. સમય જતા આવી છારી તૂટી શકે છે અને તે વધારે મોટો અવરોધ સર્જી શકે છે અને હૃદયરોગના હુમલામાં કે અચાનક મૃત્યુ સર્જી શકે છે. કેલ્શિયમ એ કોરોનરી આર્ટરી ડિસીઝ માટે માર્કર છે. સીટી કોરોનરી કેલ્શિયમ સ્કોરિંગ હૃદયની મુખ્ય નળીઓની વિસ્તૃત તસ્વીર લે છે અને તેની અંદર કેલ્શિયમનો કેટલો ભરાવો થયો છે તેનું મૂલ્યાંકન કરે છે અને કેલ્શિયમ સ્કોર પૂરો પાડે છે. કેલ્શિયમ સ્કોર તબીબોને રોગનો વ્યાપ






નક્કી કરવામાં, નિદાન નક્કી કરવામાં અને સારવાર માટેની યોજના નક્કી કરવામાં મદદરૂપ બને છે.

## તે શા માટે કરવામાં આવે છે ?

કેલ્શિયમ સ્કોરિંગ માટેના કાર્ડિયાક સીટી સ્કેનનું લક્ષ્ય, આવા કોઈ ચિહ્નો ના હોય તો પણ સીએડી છે કે કેમ અને તે કેટલા પ્રમાણમાં છે તે નક્કી કરવા માટે કરવામાં આવે છે. કોઈ ક્લિનિકલ લક્ષણો ન હોવા છતાં સીએડી માટેના જોખમનું પરિબળ ધરાવતા દર્દીઓ માટે ફિઝિશિયન માટે તેની ભલામણ કરવામાં આવે છે. સીએડી માટેના મહત્ત્વના જોખમના પરિબળો આ પ્રમાણે છે.

- લોહીમાં કૉલેસ્ટ્રોલનું વધુ પ્રમાણ
- હૃદયરોગના હુમલાનો કુટુંબનો ભૂતકાળ
- ડાયાબિટીસ
- લોહીનું ઊંચું દબાણ
- ધૂમ્રપાન/તમાકુનું વ્યસન
- વધુ પડતું વજન અથવા મેદસ્વીતા
- શારીરિક નિષ્ક્રિયતા

## કૅલ્શિયમ સ્કોરિંગની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે ?

સીટી સ્કેનિંગમાં, શરીરની અંદરની બહુવિધ તસ્વીરો અથવા ચિત્રો મેળવવા માટે અત્યાધુનિક કમ્પ્યૂટર સાથે વિશેષ એક્સ-રે ઉપકરણને જોડવામાં આવે છે. સ્કેન માટે દર્દીઓને સીટી મશીનની અંદર સરકતા એક સાંકડા ટેબલ ઉપર સૂવડાવવામાં આવે છે. આ પ્રક્રિયામાં સામાન્ય રીતે ૧૦ મિનિટ જેટલો સમય લાગે છે અને તેમાં કોઈ સોય કે ઇન્જેક્શનની જરૂર પડતી નથી. સીટી સ્કેન ઉપર કેલ્શિયમવાળા ભાગો ‘વધારે પ્રકાશિત’ દેખાય છે અને કમ્પ્યૂટર આવા ભાગોના કદના આધારે કેલ્શિયમની માત્રાનો જથ્થો નક્કી કરવા માટે સક્ષમ છે. ગણતરી કરવામાં આવેલ કેલ્શિયમના પ્રમાણને સંખ્યા તરીકે દર્શાવવામાં આવે છે.

## કૅલ્શિયમ સ્કોરિંગ રીઝલ્ટ તેનો અર્થ શું છે ?

- કેલ્શિયમ સ્કોરિંગ માટેનો નૅગેટિવ કાર્ડિયાક સીટી સ્કેન એવું દર્શાવે છે કે, કોરોનરી આર્ટરીસમાં કોઈ કેલ્શિયમ ભેગું થયેલું નથી. તે બાબત તેવું દર્શાવે છે કે, સીએડી નથી અથવા એટલું બધુ ઓછું છે કે આ ટૅક્નિક દ્વારા તેને જોઈ શકાય તેમ નથી. આવા સંજોગોમાં આગામી ૨ થી ૫ વર્ષમાં હૃદયરોગનો હુમલો આવવાની શક્યતા અત્યંત ઓછી છે.
- પૉઝિટિવ ટેસ્ટનો અર્થ એ થાય છે કે દર્દીને કોઈ પણ લક્ષણોનો અનુભવ થતો હોય કે નહીં તે છતાં તેને સીએડી છે. કેલ્શિયમ સ્કોર તરીકે દર્શાવવામાં આવેલ કેલ્શિફિકેશનનું પ્રમાણ, આગામી વર્ષોમાં માયોકાર્ડિયલ ઇન્ફાર્ક્શન (હૃદયરોગનો

હુમલો)ની શક્યતાનું અનુમાન કરવામાં મદદરૂપ બની શકે અને દર્દીએ કોઈ સુરક્ષાત્મક દવા લેવી જરૂરી છે કે કેમ અથવા ખોરાક પર નિયંત્રણ તેમ જ હૃદયરોગનું જોખમ ઓછું કરવા કસરત જેવા અન્ય ઉપાયો હાથ ધરવા જેવા છે કે કેમ તે નક્કી કરવામાં આ બાબત કાર્ડિયોલૉજિસ્ટને મદદરૂપ બને છે.

- કેલ્શિયમના સ્કોર મુજબ સીએડીના પ્રમાણને ગ્રેડ આપવામાં આવે છે.

| કેલ્શિયમ સ્કોર | સીએડીની ઉપસ્થિતિ |
|---|---|
| ૦ | નથી |
| ૧-૧૦ | સીએડી નજીવો |
| ૧૧-૧૦૦ | હળવો સીએડી |
| ૧૦૧-૪૦૦ | મધ્યમ સીએડી |
| ૪૦૦ થી વધુ | ગંભીર સીએડી |


## તેના લાભ વિરુદ્ધ જોખમો શું છે ?

### લાભો :

- કેલ્શિયમ સ્કોરિંગ માટે કાર્ડિયાક સીટી, દર્દી હૃદયરોગના હુમલાનું વધુ જોખમ ધરાવે છે કે કેમ તેની તપાસ કરવા માટેનો એક સાનુકૂળ અને શસ્ત્રક્રિયા વગરનો ઉપાય છે.

- આ તપાસમાં બહુ ઓછો સમય લાગે છે, કોઈ પીડા થતી નથી અને તેના માટે કૉન્ટ્રાસ મટીરિયલનું ઇન્જેક્શન પણ જરૂરી નથી.

- સીટી તપાસ બાદ દર્દીના શરીરમાં કોઈ રેડિયેશન રહેતું નથી.



સિટીસ્કેન એન્જીઓગ્રાફી

સીટી સ્કેનમાં ઉપયોગમાં લેવાતા એક્સ-રે (ક્ષ કિરણો) સામાન્ય રીતે કોઈ તાત્કાલિક આડઅસર ધરાવતા નથી.

સીટી સ્કેનિંગ સામાન્ય રીતે, બાળકને સંભવિત જોખમને કારણે તબીબી રીતે જરૂરી ન હોય તો સગર્ભા મહિલાઓ માટે ભલામણ કરવામાં આવતું નથી.

સ્પષ્ટપણે, કાર્ડિયાક જોખમ નક્કી કરવામાં, પ્રણાલિકાગત કોરોનરી આર્ટરી ડિસીઝ જોખમના પરિબળો તેમ જ કોરોનરી કેલ્શિફિકેશનનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તે સૌથી વધુ ઉપયોગી બની શકે છે.

**સૌજન્ય** 'હૃદયની વાત દિલથી' - લેખક : ડૉ. કેયૂર પરીખ

CIMS connect

સીમ્સ હોસ્પિટલ તરફથી નિયમિત માહિતી મેળવવા તથા નવા રસપ્રદ કેસોની જાણકારી માટે અમારી સાથે ફેસબુક થી જોડાઓ. તમે અમારી સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન એન્ડ્રોઇડ, (એપલ) આઇફોન અને વિન્ડો ફોનમાં ડાઉનલોડ કરી શકો છો જેનાથી તમને સ્વાસ્થ્ય સંબંધી ઉપયોગી માર્ગદર્શન મળી શકશે.

"સીમ્સ હોસ્પિટલ" (CIMS Hospital)ની એપ્લીકેશન ઉપલબ્ધ છે

facebook | ANDROID APP ON Google play | Download on the App Store | Download on the Windows Phone

# અમે તેનાં ડરને એક નાનકડા કાપાથી સાંધી દીધો.



CIMS Dil Dil Ki Kahani

#dildilkikahani

**નામ:** *મિસ. મીના રાજ**

**ઉંમર:** *27 વર્ષ*

**સ્થળ:** *જોધપુર, ભારત*

**નામ બદલ્યું છે.*

મિસ. મીના, એક નિશ્ચિંત અને ઝિંદાદિલ એવી 18 વર્ષની યુવતી ભરપૂરતાથી જીવન જીવી રહી હતી. પરંતુ તેનું જીવન બદલાઇ ગયું, જ્યારથી તેને શ્વાસ ચઢવાનો શરુ થયો અને તે પોતાનું રોજિંદુ કામ પણ કરી શકતી ન હતી. તે 'માઇટ્રલ વાલ્વ સ્ટેનોસિસ' - હૃદયના વાલ્વનું સાંકડુ થવાથી પીડાતી હતી, જેમાં સર્જરી આવશ્યક હતી.

સર્જરી દરમિયાન તેની છાતી ઉપર વચ્ચે મૂકવામાં આવતો 7-10 ઇંચનો કાપો જીવનભર રહેશે તે વાતથી તે ચિંતિત થઇ ગઇ. વળી, કદરુપતાનો, અસ્વિકારનો, લગ્ન ના થઇ શકવાનો અને એથી પણ વધારે, ક્યારેય સંતાન સુખ ના મેળવી શકવાનાં ડરથી તે ધ્રૂજી ઉઠી હતી.

CIMS હાર્ટ કેર ટીમનાં કાર્ડિયાક સર્જનોએ 'મિનિમલી ઇન્વેસિવ હાર્ટ વાલ્વ સર્જરી' દ્વારા સ્તન નીચે છૂપાઇ શકે તેવા માત્ર 2.5 ઇંચ જેવા નાના કાપા દ્વારા મીનાને નવું જીવન આપ્યું.

આજે તે તેનું સુખી લગ્ન જીવન જીવી રહી છે અને એક સંતાનની માતા પણ છે. મિસ. મીનાએ અમને શીખવ્યું કે ડર નાનો કે મોટો હોતો નથી, બસ તેને એક વાર પાર કરવો જરુરી હોય છે

## CIMS હાર્ટ કેર

- મિનિમલી ઇન્વેસિવ હાર્ટ વાલ્વ સર્જરીનાં નિષ્ણાત
- પિડિયાટ્રિક, જીરીયાટ્રિક, નાજુક હૃદય અને ગ્રોનઅપ કન્જેનાઇટલ ઓપન હાર્ટ સર્જરીનાં નિષ્ણાત
- વિશ્વપ્રસિદ્ધ કાર્ડિયોલોજિસ્ટ અને સર્જનની સક્ષમ ટીમ

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices


www.cims.me

**અપૉઈન્ટ્મેન્ટ્સ :** (L) +91 79 3010 1200 / 1008, (M) +91 98250 66661, (E) opd.rec@cimshospital.org
**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી :** (M) +91 98244 50000 / 97234 50000 / 90990 11234

**24x7 હેલ્પલાઇન**
+91 70690 00000

**CIMS હોસ્પિટલ, શુકન મોલ પાસે, ઓફ સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦, ગુજરાત, ઈન્ડિયા**

CIMS Hospital Pvt. Ltd. | CIN: U85110GJ2001PTC039962 | info@cims.me | *CIMS Hospital India App on:*




## આપણું શરીર એક અભિન્ન પરિવાર જેવું છે. જ્યારે એક અંગ વ્યાકુળ હોય, ત્યારે અન્ય અંગોમાં પણ પીડા અનુભવાય છે.

એક પરિવારનાં અલગ-અલગ વ્યક્તિઓની જેમ આપણા શરીરમાં પણ વિવિધ અંગોનો સમાવેશ થાય છે. જેમાંથી એક અંગ કામ કરતું અટકે, તો અન્ય અંગોનાં કાર્યસંતુલનમાં પણ વિક્ષેપ પડે છે. જેનાથી, દર્દીની સ્થિતિ ગંભીર બને છે. આ પરિસ્થિતિમાં ક્રિટીકલ કેર સ્પેશિયાલિસ્ટ, અસરગ્રસ્ત અંગનો ઈલાજ કરીને બાકીનાં અંગોને નિષ્ક્રીય થતા રોકી શકે છે.

CIMS ની ક્રિટીકલ કેર ટીમમાં સામેલ છે, ક્રિટીકલ કેર નિષ્ણાત (ઈન્ટેન્સીવિસ્ટ્) અને ખાસ તાલિમ પામેલ નર્સિસ, જેઓ જોખમ સામે લડી, તેને નિવારી દર્દીના સ્વાસ્થ્ય માં ઝડપી સુધારો સુનિશ્ચિત કરે છે. સ્વાઈન ફ્લૂ, જટીલ ડેન્ગ્યુ, મેલેરીયા, મલ્ટી-ઓર્ગન ફેઇલ્યર અને સર્જરી પછીનાં કૉમ્પ્લીકેશન્સની સારવાર અમારી ટીમની વિશેષતા છે.

### સીમ્સ ક્રિટીકલ કેર

- ૨૪ x ૭ ક્રિટીકલ કેર ઇન્ટેન્સીવિસ્ટ્સ અને પેરામેડિક્સ
- સર્વશ્રેષ્ઠ ટેક્નોલોજી
- કિડની, લન્ગ્સ અને હાર્ટની એડ્વાન્સ્ડ ક્રિટીકલ કેર સપોર્ટ સિસ્ટમ્સ
- મલ્ટી-સ્પેશિયાલિટી માટે શ્રેષ્ઠ પેરી-ઓપરેટિવ કેર
- દર્દીની માનસિક સ્વસ્થતા માટે ગ્રીન આઇ.સી.યુ.

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

www.cims.me

24x7 હેલ્પલાઇન : +91 70690 00000

એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮ (E) opd.rec@cimshospital.org
એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦

CIMS હોસ્પિટલ, શુકન મોલ પાસે, ઓફ સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦, ગુજરાત, ઈન્ડિયા

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2016-2018 issued by SSP Ahmedabad valid upto 31st December, 2018
Licence to Post Without Prepayment No. CPMG/GJ/101/2016-2018 valid upto 31st December, 2018

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-2771 2771-75 (5 lines)

Fax: +91-79-2771 2770

Mobile : +91-98250 66664, 98250 66668

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦




## 'વેઈટ' કરવામાં ક્યાંક મોડું ના થઈ જાય!

જો તમે રાહ જોતા રહેશો, તો મેદસ્વીતાથી તમારા શરીરમાં અનેક રોગ દાખલ થઈ તમને અપંગ બનીવી દેશે. જેને કારણે વિવિધ કૉમ્પ્લીકેશન્સ ઉભા થઈ શકે છે. જે તમારી જીવનશૈલી, તમારા સંબંધો અને તમારી આવનારી પેઢીને પણ નુકશાન પહોંચાડી શકે છે.

CIMS બેરિયાટ્રિક કેર ના સર્જન, ફિઝીશીયન, ફિઝીયોથેરપિસ્ટ, કાઉન્સીલર, અને ડાયટિશીયનની ટીમ દ્વારા જોખમી મેદસ્વીતા માટે સુરક્ષિત, ખાતરીપૂર્ણ અને અસરારક ટ્રિટમેન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. પોતાની રીતનાં સૌપ્રથમ એવા 'પેશન્ટ સર્પોટ ગ્રુપ' દ્વારા સંપૂર્ણપણે હતાશ થઈ ગયેલ દર્દીઓ સાથે વિચારોની આપ-લે કરી પ્રેરણાત્મક અને સકારાત્મક વલણ સાથે સારવાર કરવામાં આવે છે.

ઍક્ટ અગેઈન્સ્ટ ઓબેસિટી

## CIMS બેરિયાટ્રિક કેર

- સ્લીવ ગેસ્ટ્રેક્ટોમી, ગેસ્ટ્રિક બાયપાસ, મિની ગેસ્ટ્રિક બાયપાસ અને ગેસ્ટ્રિક બાઈન્ડિંગ સર્જરીનાં નિષ્ણાત
- બેરિયાટ્રિક દર્દીઓની મહત્તમ જોખમી પરિસ્થિતી સંભાળી શકવા સક્ષમ ગુજરાતનું એકમાત્ર સેન્ટર
- ઝડપી રિકવરી માટે ઓપરેશન બાદ દર્દીની સંપૂર્ણ સંભાળ સંબંધિત પ્રોગ્રામ

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices
www.cims.me

**૨૪ x ૭ મેડિકલ હેલ્પલાઇન**
**+૯૧-૭૦૬૯૦૦૦૦૦૦**

**એપોઇન્ટમેન્ટ માટે ફોન કરો : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮**
**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪**

**CIMS હોસ્પિટલ, શુકન મોલ પાસે, ઓફ સૉઈન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦, ગુજરાત, ઈન્ડિયા**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines) Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

*તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.*